# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 03-04-2024 Morning : 7.45 to 7.55
Day : Wednesday National News

### આકાશવાણી સમાચાર SANSKRUTI BHUNDIYA વાંચે છે.

******************************************************

- લોકસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે.
- આગામી ઉનાળામાં વીજળીની માંગ પૂરી થાય તે માટે સરકાર તમામ જરૂરી પગલાં લઈ રહી છે.
- ભારતીય ટેલીકોમ નિયંત્રણ સત્તામંડળ – ટ્રાઇ એ રાષ્ટ્રીય પ્રસારણ નીતિ 2024ની રચના માટે હિતધારકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા છે.
- ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ઇઝરાયેલી સશસ્ત્ર દળો ધ્વારા માનવતાવાદી જૂથ પર અજાણતાથી હુંમલો કરાયો હોવાનું જણાવ્યું છે.
- IWF વેઈટલિફ્ટિંગ વિશ્વ કપમાં ભારતની બિંદિયારાની દેવીએ મહિલાઓની 55 કિલો વજન જુથ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ELECTION CAMPAIGN

લોકસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે. મુખ્ય રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ વિવિધ રાજ્યોમાં સક્રિયપણે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

ભાજપે પોતાનો ચૂંટણી પ્રચાર યુદ્ધના ધોરણે શરૂ કરી દીધો છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ રાજસ્થાનમાં કોટપુતલી ખાતે ગઇકાલે પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યું કે ભાજપે 2014 અને 2019માં રાજ્યમાંથી તમામ 25 બેઠકો જીતી હતી અને આ વખતે પણ તમામ 25 બેઠકો જીત મળશે.

શ્રી મોદીએ કહ્યું કે આ સામાન્ય ચૂંટણી નથી, પરંતુ વિકસિત ભારત અને વિકસિત રાજસ્થાનની ચૂંટણી છે.

બીજી તરફ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરા, પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ પાલી અને જોધપુરમાં રેલીઓને સંબોધી હતી. ગઈકાલે પાલીમાં રેલીને સંબોધતા શ્રી દોતાસરાએ કહ્યું કે જનતાએ કેન્દ્ર સરકારના છેલ્લા દસ વર્ષના કામ અને મનમોહન સિંહ સરકારના કામની સરખામણી કરવી જોઈએ.

## GOVT ELECTRICITY

આગામી ઉનાળામાં વીજળીની માંગ પૂરી થાય તે માટે સરકાર તમામ જરૂરી પગલાં લઈ રહી છે. ઉર્જા, નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી આર.કે. સિંહે આ સંદર્ભે કેટલીક બેઠકો યોજી હતી, જેમાં તેમણે ઉનાળાની ઋતુ દરમિયાન ઝીરો લોડ શેડિંગ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

નવી દિલ્હીમાં એક બેઠકમાં, મંત્રીશ્રીએ બાર પર થર્મલ ક્ષમતાની મહત્તમ ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે આંશિક આઉટેજનો અનુભવ કરતા તમામ થર્મલ પાવર પ્લાન્ટ્સની વીજ ક્ષમતાની સ્થિતિની સમીક્ષા કરી હતી. એવું જણાવવામાં આવ્યું હતું કે આંશિક આઉટેજ હેઠળ ક્ષમતાની માત્રામાં ઘટાડો થયો છે અને તેને વધુ ઘટાડવા માટે પગલાં સૂચવવામાં આવ્યા છે. શ્રી સિંહે ગઇકાલે જનરેશન કંપનીઓ સાથે પણ બેઠક યોજી હતી અને 5.2 ગીગાવોટ નોન-ઓપરેશનલ થર્મલ ક્ષમતાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ દ્વારા ઉત્તરપશ્ચિમ, ઉત્તરપૂર્વ, મધ્ય અને દ્વીપકલ્પના ભારતના કેટલાક વિસ્તારોને બાદ કરતાં સમગ્ર દેશમાં સામાન્ય કરતાં વધુ, મહત્તમ અને લઘુત્તમ તાપમાન રહેવાની આગાહી કરાતાં વીજળીની માંગ પણ પાછલા વર્ષો કરતાં વધુ હશે.

# TRAI---BROADCASTING-POLICY

ભારતીય ટેલીકોમ નિયંત્રણ સત્તામંડળ – ટ્રાઇ એ રાષ્ટ્રીય પ્રસારણ નીતિ 2024ની રચના માટે હિતધારકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. સંબંધિતો પ્રસારણ નીતિ અંગેના સૂચનો આગામી 30મી એપ્રિલ સુધી મોકલી શકશે.

દૂરસંદેશા વ્યવહાર મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે પ્રસારણ ક્ષેત્ર દેશમાં વિકસી રહેલું ક્ષેત્ર છે અને દેશની અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે.

ટ્રાઇ એ જાહેર કરેલા પ્રસારણ નીતિ અંગેના મુસદ્દામાં સાર્વજનિક પ્રસારણ સેવામાં સુધારો, પ્રસાર માધ્યમો અને મનોરંજન ક્ષેત્રના વિવિધ મુદ્દાઓ તેમજ પાયરસી અર્થાત્  મહત્વની સામગ્રીની ગેરકાયદેસર ઉઠાંતરી રોકવી - જેવા વિવિધ મુદ્દાઓ આવરી લેવાયા છે.

# ED-KEJRIWAL

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-EDએ ગઇકાલે એક્સાઇસ પોલિસી કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને અટકાયત સંબંધિત અરજી પર દિલ્હી વડી અદાલતમાં પોતાનો જવાબ રજૂ કર્યો હતો.

શ્રી કેજરીવાલની ધરપકડને કાયદેસર ગણાવતા EDએ કહ્યું કે, મની લોન્ડરિંગ વિરોધી કાયદાની કલમ 16 હેઠળની તમામ પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું છે.

બંધારણની કલમ 22નું પણ સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે. શ્રી કેજરીવાલની 21 માર્ચે ED દ્વારા દિલ્હી દારૂ કૌભાંડ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેને 15 એપ્રિલ સુધી તિહાર જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

# KARNATAKA-AMIT SHAH ROAD SHOW

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે પક્ષના કાર્યકરોને મતદારો સુધી પહોંચવા અને તેમને વિકસીત ભારત એજન્ડા વિશે શિક્ષિત કરવા વિનંતી કરી છે. ગઈકાલે બેંગલુરુમાં પાંચ લોકસભા મતવિસ્તારના શક્તિ પ્રમુખોને સંબોધતા તેમણે કહ્યું કે, ભાજપ વિકસીત ભારતને પ્રોત્સાહન આપે છે અને INDIA ગઠબંધન ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે. તેમણે પાર્ટીના કાર્યકર્તાઓને યુપીએના 10 વર્ષના શાસનમાં કથિત રીતે 12 લાખ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હતો અને એનડીએના 10 વર્ષના શાસનમાં અર્થવ્યવસ્થાને પાંચમા સ્થાને ચઢવામાં અને 25 કરોડ લોકોને ગરીબીથી ઉપર લાવવામાં મદદ કરી હતી તે વિશે લોકોને જણાવવા કહ્યું હતું.

દરમિયાન કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મુશ્કેલીના સમયમાં રાજ્યની મુલાકાત ન લેવા બદલ પ્રશ્ન કર્યો હતો. ગઈકાલે મૈસુરમાં મીડિયાને સંબોધતા સિદ્ધારમૈયાએ કેન્દ્રીય મંત્રીને પૂછ્યું કે શું લોકોએ ભાજપને મત આપવો જોઈએ જેણે રાજ્યમાં આવેલા દુષ્કાળની તકલીફનો જવાબ આપ્યો ન હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રએ કર્ણાટકને કેન્દ્રીય કરમાંથી તેનો હિસ્સો આપ્યો નથી.

# ED DELHI-JAL-BOARD

પરાવર્તન નિદેશાલય ED એ દિલ્હી જળ બોર્ડના તત્કાલિન ચીફ એન્જિનિયર જગદીશ કુમાર અરોરા અને અન્ય લોકો પાસેથી લગભગ નવ કરોડ રૂપિયાની કિંમતની વિવિધ સ્થાવર અને જંગમ મિલકતો અસ્થાયી રૂપે જપ્ત કરી છે.

એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ આ મિલકતો જપ્ત કરી છે. EDએ દિલ્હી જળ બોર્ડમાં ભ્રષ્ટાચાર અને લાંચ સંબંધિત સીબીઆઇ દ્વારા નોંધાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. FIRમાં આરોપ છે કે જગદીશ કુમારે ટેકનિકલ પાત્રતા માપદંડોને પૂર્ણ ન કરતી એક કંપનીને દિલ્હી જળ બોર્ડના ફ્લો મીટરનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

# ANURAG-THAKUR

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે ગઇકાલે ઉત્તરપ્રદેષના અમરોહા અને મુરાદાબાદમાં ભાજપની સાયબર વોરિયર કોન્ફરન્સને સંબોધિત કરી હતી.

શ્રી ઠાકુરે કહ્યું કે આજના માહિતી યુગમાં આપણે સત્યને દરેક સુધી પહોંચાડવાનું છે અને સાયબર વોરિયરોએ આમાં મહત્વની ભૂમિકા ભજવવી પડશે.

તેમણે કહ્યું કે આપણે સોશિયલ મીડિયા દ્વારા સરકારની ઉપલબ્ધિઓને બૂથ લેવલ સુધી પહોંચાડવાની છે.

અમરોહામાં, શ્રી ઠાકુરે કહ્યું કે સોશિયલ મીડિયા પર કોઈપણ અભદ્ર ટિપ્પણીઓથી બચવા કાર્યકરોને સલાહ આપી હતી .

## ISARAEL

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે ઇઝરાયેલી સશસ્ત્ર દળોએ ગાઝામાં માનવતાવાદી જૂથ, વર્લ્ડ સેન્ટ્રલ કિચન-ડબ્લ્યુસીકેના કાફલા પર અજાણતા હુંમલો કર્યો છે

આ હુમલામાં છ રાહતકર્મીઓ અને પેલેસ્ટિનિયન ડ્રાઈવર માર્યા ગયા હતા. નેતન્યાહૂ, કહ્યું કે ઇઝરાયેલને આ દુ:ખદ ઘટના અંગે ઊંડો ખેદ છે.

આ ઘટનાના વિરોધમાં, આપત્તિ રાહત સંસ્થા-WCK એ ગાઝામાં ખોરાક સહાય પહોંચાડવાનું કામ સ્થગિત કર્યું છે. સંગઠને કહ્યું કે ઇઝરાયેલી સૈન્ય સાથે સંકલન હોવા છતાં, કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો .

આપત્તિ રાહત સંસ્થાએ જણાવ્યું કે તેમની ટીમે દરિયાઈ માર્ગે ગાઝા લાવવામાં આવેલી 100 ટનથી વધુ માનવતાવાદી ખાદ્ય સહાયને ઉતારી હતી.

અગાઉ, ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ- IDFએ જવાબદારી સ્વીકારવાનું ટાળીને જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. IDFએ કહ્યું કે તે ઘટનાની સંપૂર્ણ તપાસ કરશે.

દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન અને યુકેના પ્રધાનમંત્રી ઋષિ સુનાકે ઈઝરાયેલ દ્વારા ગાઝામાં સાત માનવતાવાદી સહાય કર્મચારીઓની હત્યાની નિંદા કરી છે.

માર્યા ગયેલા સહાયક કર્મચારીઓમાં ત્રણ બ્રિટિશ નાગરિકો, પોલેન્ડ, ઓસ્ટ્રેલિયન અને પેલેસ્ટિનિયન અને એક યુએસ-કેનેડિયન નાગરિક હતા. ઇઝરાયેલના દળોએ નિર્દોષ લોકોને માર્યા હોવાનો સ્વીકાર કરીને, ઇઝરાયેલના રાષ્ટ્રપતિ આઇઝેક હરઝોગે મૃત્યુ માટે માફી માંગી છે.

શ્રી બિડેને તપાસ ઝડપથી હાથ ધરવા હાકલ કરી છે . યુકેના પ્રધાનમંત્રી ઋષિ સુનાકે ગઈ કાલે ઇઝરાયલના પ્રધાનમંત્રી સાથે વાત કરી હતી અને સહાય કર્મચારીઓની હત્યાની સંપૂર્ણ અને પારદર્શક સ્વતંત્ર તપાસની માગણી કરી હતી.

# IPL

IPL ક્રિકેટમાં લખનૌ સુપર જોઈન્ટ્સે ગઇકાલે બેંગ્લોરના એમ ચિન્નાઈસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 28 રનથી હરાવ્યું હતું. 182 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ 19 ઓવર અને 4 બોલમાં 153 રન બનાવી શકી હતી. લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી મયંક યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. મયંક યાદવને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. આ પહેલા લખનૌ સુપર જાયન્ટ્સે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 181 રન બનાવ્યા હતા. ક્વિન્ટન ડી કોકે સૌથી વધુ 81 રન કર્યા હતા.

આજે દિલ્હી કેપિટલ્સ વિશાખાપટ્ટનમના D.V.E.S સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

# WEIGHTLIFTING- IWF WORLD CUP

થાઈલેન્ડના ફૂકેતમાં રમાઈ રહેલ IWF વિશ્વ કપમાં વેઈટલિફ્ટિંગના ભારતીય ખેલાડી બિંદિયારાની દેવીએ મહિલાઓની 55 કિલોગ્રામ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. કોમનવેલ્થ ગેમ્સની રજત ચંદ્રક વિજેતા બિંદિયારાનીએ કુલ 196 કિલો વજન ઉઠાવીને સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

ઉત્તર કોરિયાની કાંગ હ્યોન ગ્યોંગે સુવર્ણ ચંદ્રક જ્યારે રોમાનિયાની કેમ્બેઈ મિહેલા-વેલેન્ટિનાએ રજત ચંદ્રક જીત્યો હતો. મણિપુરના 25 વર્ષીય વેઈટલિફ્ટરે ક્લીન એન્ડ જર્કમાં 113 કિલોગ્રામનું વજન ઉપાડીનેરજત ચંદ્રક જીત્યો હતો. અન્ય

ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂ મહિલાઓની 49 કિલોગ્રામ વર્ગમાં 12મા સ્થાને રહી હતી.

# CHESS - CANDIDATES TOURNAMENT

કેનેડાના ટોરોન્ટોમાં આયોજિત ઓપન કેટેગરી અને મહિલા કેટેગરીની ચેસ સ્પર્ધાનો પ્રારંભ થશે. ઉદઘાટન સમારોહ આવતીકાલે સાંજે યોજાશે અને આ સ્પર્ધા ગુરુવારથી રમાશે. આ સ્પર્ધાના વિજેતાને વિશ્વ ચેમ્પિયનશિપ મેચમાં દરેક શ્રેણીના વર્તમાન વિશ્વ ચેમ્પિયન સામે સ્પર્ધા કરવાની તક મળે છે.

18 વર્ષીય પ્રજ્ઞાનંદા, 17 વર્ષીય ગુકેશ ડી અને 29 વર્ષીય વિદિત સંતોષ ગુજરાતી પુરુષ ઓપન કેટેગરીની સ્પર્ધામાં રમશે, જ્યારે 22 વર્ષીય આર. વૈશાલી અને 36 વર્ષીય કોનેરુ હમ્પી મહિલા સ્પર્ધામાં રમશે.

આ સ્પર્ધા પહેલા, પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન વિશ્વનાથન આનંદ આ પ્રીમિયર સ્પર્ધામાં એકમાત્ર ભારતીય સહભાગી હતા.